# શ્રીમદ્ભાગવત રસિક કુટુંબ

श्रीमद् भागवत का यह सार
भगवद् भक्ति ही आधार

## નારાયણાવતાર સ્તોત્ર



ब्रह्मा जी ने किए जो वर्णित, नारद जी को दिए बता
नारायण निज काज करण को, ये लीला अवतार गता

**નારાયણં(ન્) નમસ્કૃત્ય, નરં(ઞ) ચૈવ નરોત્તમમ્,**
**દેવીં(મ્) સરસ્વતીં(વઁ) વ્યાસં(ન્), તતો જયમુદીરયેત્ ..**

**નામસઙ્કીર્તનં(યઁ) યસ્ય, સર્વપાપપ્રણાશનમ્,**
**પ્રણામો દુઃખશમનસ્, તં(ન્) નમામિ હરિં(મ્) પરમ્ ..**

**શ્રીમદ્ભાગવતમહાપુરાણમ્**
**દ્વિતીયઃ સ્કન્ધઃ**
**॥ અથ સપ્તમોડધ્યાયઃ ॥**

**બ્રહ્મોવાચ**

**યત્રોદ્યતઃ ક્ષિતિતલોદ્ધરણાય બિભ્રત્-**
**ક્રૌડીં(ન્) તનું(મ્) સકલયજ્ઞમયીમનન્તઃ .**
**અન્તર્મહાર્ણવ ઉપાગતમાદિદૈત્યં(ન્)**
**તં(ન્) દં(મ્)ષ્ટ્રયાદ્રિમિવ વજ્રધરો દદાર .. ૧..**

**ક્ષિતિતલોદ્ + ધરણાય , દં(મ્)ષ્ટ્રયા + દ્રિમિવ**

**બ્રહ્માજી કહે છે – અનંત ભગવાને પ્રલયજળમાં ડૂબેલી પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે સમસ્ત યજ્ઞમય વરાહ-શરીર ધારણ કર્યું હતું. આદિદૈત્ય હિરણ્યાક્ષ જળમાં જ લડવા માટે તેમની સામે આવ્યો.**

જેમ ઈન્દ્રે પોતાના વજ્રથી પર્વતોની પાંખો કાપી નાખી હતી તે જ રીતે વરાહ ભગવાને પોતાની દાઢોથી તેના ટુકડે ટુકડા કરી નાખ્યા.

જાતો રુચેરજનયત્સુયમાન્ સુય*જ્ઞ

આકૂતિસૂનુરમરાનથ *દક્ષિણાયામ્ .

લોક*ત્રય*સ્ય મહતીમહરદ્યદાર્તિ(મ્)

સ્વાય*મ્ભુવેન મનુના હરિરિ*ત્યનૂક્તઃ .. ૨..

આકૂ + તિસૂ + નુરમરા + નથ , સ્વાયમ્ + ભુવેન, હરિરિત્ + યનૂક્તઃ

પછી તે પ્રભુએ રુચિ નામના પ્રજાપતિની પત્ની આકૂતીના ગર્ભથી સુયજ્ઞના રૂપમાં અવતાર ધારણ કર્યો. તે અવતારમાં તેમણે દક્ષિણા નામની પત્નીથી સુયમ નામના દેવતાઓ ઉત્પન્ન કર્યા અને ત્રણે લોકોનાં મહાસંકટ હરી લીધા. તેથી જ સ્વાયંભુવ મનુએ તેમને 'હરિ'ના નામે પોકાર્યા.

જ*જ્ઞે ચ કર્દમગૃહે દ્વિજ દેવહૂત્યાં(મ્)

સ્ત્રીભિઃ(સ્) સમં(ન્)નવભિરાત્મગતિં(મ્) સ્વમાત્રે .

ઊચે યયાડડત્મશમલં(ઙ્) ગુણસ*ઙ્ગપ*ઙ્ક-

મ*સ્મિન્વિધૂય કપિલ*સ્ય ગતિં(મ્) પ્રપેદે .. ૩..

સમં(ન્)નવભિરાત્ + મગતિં(મ્) , યયાડડત્ + મશમલં(ઙ્)

હે નારદ! કર્દમ પ્રજાપતિ ને ઘેર દેવહૂતિના ગર્ભથી નવ બહેનો સાથે ભગવાને કપિલના રૂપમાં અવતાર લીધો. તેમણે પોતાની માતાને તે આત્મજ્ઞાન નો ઉપદેશ કર્યો, જેનાથી તેણે આ જ જન્મમાં પોતાના હૃદયને — ત્રણેય ગુણોની આસક્તિથી ઉત્પન્ન થનાર મળને ધોઈને કપિલ ભગવાનના વાસ્તવિક સ્વરૂપને પ્રાપ્ત કરી લીધુ.

અ*ત્રેરપ*ત્યમભિકાઙ્ક્ષત આહ તુ*ષ્ટો

દત્તો મયાહમિતિ યદ્ભગવાન્ સ દત્તઃ .

ય*ત્પાદપ*ઙ્કજપરાગપવિ*ત્રદેહા

યોગ*ર્દ્ધિમાપુરુભર્યી(યૢઁ) યદુહૈહયાદ્યાઃ .. ૪..

અત્રેરપત્ + યમભિકાઙ્ + ક્ષત , યત્પા+ દપઙ્કજપરા+ ગપવિત્રદેહા ,

યોગર્ + દ્ધિમા + પુરુભર્યી(યૢઁ)

મહર્ષિ અત્રિ ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરવા માંગતા હતા. તેમના પર પ્રસન્ન થઇને ભગવાને તેમને એક દિવસે કહ્યું કે 'મેં સ્વયં પોતાની તમને દઈ દીધા'. તેથી અવતાર લેવાથી ભગવાનનું નામ 'દત્ત'

(દત્તાત્રેય) પડ્યું. તેમના ચરણ કમળો ના પરાગથી પોતાના શરીરને પવિત્ર કરીને રાજા યદુ અને સહસ્ત્રાર્જુન વગેરે યોગ દ્વારા ભોગ અને મોક્ષ એ બંનેય સિદ્ધિઓ પ્રાપ્ત કરી.

**ત*પ્તં(ન્) તપો વિવિધલોકસિસૃ*ક્ષયા મે**

**આદૌ સનાત્સ્વતપસઃ(સ્) સ ચતુઃ(સ્)સનોઽભૂત્ .**

**પ્રાક્*કલ્પસમ્પ્લવવિન*ષ્ટમિહાત્મતત્ત્વં(મ્)**

**સ*મ્યગ્જગાદ મુનયો યદ*ચક્ષતાત્મન્ .. ૫..**

વિવિધલો + કસિસૃક્ષયા, પ્રાક્કલ્પસમ્ + પ્લવવિનષ્ટમિહાત્ + મતત્ત્વં(મ્)

હે નારદ! સૃષ્ટિના પ્રારંભમાં વિવિધ લોક રચવાની ઈચ્છાથી મેં તપ કર્યું. મારા તે અખંડ તપથી પ્રસન્ન થઈને ભગવાને 'તપ' અર્થવાળા 'સન' નામથી યુક્ત સનક, સનંદન, સનાતન અને સનત્કુમારના રૂપમાં અવતાર લીધો. આ અવતારમાં તેમણે પ્રલયને કારણે પહેલાં કલ્પના ભુલાયેલા આત્મજ્ઞાનનો ઋષિઓને યથાવત્ ઉપદેશ કર્યો, જેનાથી તે બધાએ પોતાના હૃદયમાં તત્કાળ પરમતત્વનો સાક્ષાત્કાર કર્યો.

**ધર્*મસ્ય દ*ક્ષદુહિતર્યજનિ*ષ્ટ મૂર્ત્યાં(ન્)**

**નારાયણો નર ઇતિ* સ્વતપઃ(ફ્) પ્રભાવઃ .**

**દૃષ્ટ્વાઽઽત્મનો ભગવતો નિયમાવલોપં(ન્)**

**દેવ્યસ્ત્વન*ઙ્ગપૃતના ઘટિતું(ન્) ન શેકુઃ .. ૬..**

દક્ષદુહિતર્ + યજનિષ્ટ, દેવ્યસ્ + ત્વનઙ્ + ગપૃતના

ધર્મની પત્ની દક્ષકન્યા મૂર્તિ ના ગર્ભથી તેઓ નરનારાયણના રૂપમાં પ્રગટ થયા. તેમના તપનો પ્રભાવ તેમના જેવો જ છે. ઇન્દ્રએ મોકલેલી કામની સેના – અપ્સરાઓ તેમની સામે જતાં જ પોતાનો સ્વભાવ કોઈ બેઠી; તેઓ પોતાના હાવભાવથી તે આત્મસ્વરૂપ ભગવાનના તપમાં વિઘ્ન નાખી શકી નહીં.

**કામં(ન્) દહ*ન્તિ કૃતિનો નનુ રોષદૃષ્ટ્યા**

**રોષં(ન્) દહ*ન્તમુત તે ન દહન્ત્યસહ્યમ્ .**

**સોઽયં(યઁ) યદ*ન્તરમલં(મ્) પ્રવિશન્ બિભેતિ**

**કામઃ(ખ્) કથં(ન્) નુ પુનર*સ્ય મનઃ(શ્) શ્રયેત .. ૭..**

દહન્ + ત્યસહ્યમ્

નારદ! શંકર વગેરે મહાનુભાવો પોતાની રોષભરી દ્રષ્ટિથી કામદેવને બાળી નાખે છે, પરંતુ સ્વયં પોતાને બાળનારા અસહ્ય ક્રોધને તેઓ બાળી શકતા નથી. તે જ ક્રોધ નર-નારાયણના નિર્મળ

હૃદયમાં પ્રવેશ કરતા પહેલાં જ ડરનો માર્યો કાંપી ઊઠે છે; તો પછી ભલા, તેમના હૃદયમાં કામનો પ્રવેશ તો થઈ જ કેમ શકે?

**વિધ્ધઃ(સ્) સપત્ન્યુદિતપત્રિભિરન્તિ રાજ્ઞો**

**બાલોડપિ સન્નુપગતસ્તપસે વનાનિ .**

**તસ્મા અદાદ્ધ્રુવગતિં(ઙ્) ગૃણતે પ્રસન્નો**

**દિવ્યાઃ(સ્) સ્તુવન્તિ મુનયો યદુપર્યધસ્તાત્ .. ૮..**

**સપત્ + ન્યુદિત + પત્રિભિ + રન્તિ, સન્નુપગતસ્ + તપસે, યદુપર્ + યધસ્તાત્**

પોતાના પિતા રાજા ઉત્તાનપાદની પાસે બેસેલા પાંચ વર્ષના બાળક ધ્રુવને તેમની સાવકી માતા સુરુચિએ પોતાનાં વચન બાણોથી વીંધ્યા; આટલી નાની અવસ્થા હોવા છતાંય તેઓ તે ગ્લાનિને લીધે તપ કરવા વનમાં ગયા. તેમની પ્રાર્થનાથી પ્રસન્ન થઈને ભગવાન પ્રગટ થયા અને તેમણે ધ્રુવને ધ્રુવપદનું વરદાન આપ્યું. આજે પણ દિવ્ય મહર્ષિઓ ધ્રુવની ઉપર-નીચે પ્રદક્ષિણા કરતાં કરતાં તેમની સ્તુતિ કરતા રહે છે.

**યદ્વેનમુત્પથગતં(ન્) દ્વિજવાક્યવજ્ર-**

**વિપ્લુષ્ટપૌરુષભગં(ન્) નિરયે પતન્તમ્ .**

**ત્રાત્વાર્થિતો જગતિ પુત્રપદં(ઞ્) ચ લેભે**

**દુગ્ધા વસૂનિ વસુધા સકલાનિ યેન .. ૯..**

**યદ્વેનમુત્ + પથગતં(ન્) , વિપ્લુષ્ટપૌ + રુષભગં(ન્)**

કુમાર્ગગામી વેનનાં ઐશ્વર્ય અને પૌરુષ બ્રાહ્મણોના હુંકારરૂપી વજ્રથી બળીને ભસ્મ થઇ ગયાં. તે નરકમાં પડવા લાગ્યો. ઋષિઓની પ્રાર્થનાથી ભગવાને તેના શરીરમંથનથી પૃથ્વીના રૂપમાં અવતાર ધારણ કરીને તેને નરકોમાંથી ઉગાર્યો અને આ પ્રમાણે 'પુત્ર' શબ્દને ચરિત્તાર્થ કર્યો. તે જ અવતારમાં પૃથ્વીને ગાય બનાવીને તેમણે તેમાંથી જગત માટે સમસ્ત ઔષધીઓનું દોહન કર્યું.

**નાભેરસાવૃષભ આસ સુદેવિસૂનુઃ**

**યો વૈ ચચાર સમદૃગ્જડયોગચર્યામ્ .**

**યત્પારમહં(મ્)સ્યમૃષયઃ(ફ્) પદમામનન્તિ**

**સ્વસ્થઃ(ફ્) પ્રશાન્તકરણઃ(ફ્) પરિમુક્તસઙ્ગઃ .. ૧૦..**

**યત્પા + રમહં(મ્)સ્ + યમૃષયઃ(ફ્)**

રાજા નાભિ ની પત્ની સુદેવી ના ગર્ભથી ભગવાને ઋષભદેવના રૂપમાં જન્મ લીધો. આ અવતારમાં સમસ્ત આસક્તિઓથી રહિત થઈને, પોતાની ઇન્દ્રિયો અને મનનું અત્યંત શમન કરીને તથા

પોતાના સ્વરૂપમાં સ્થિત થઈને સમદર્શીના રૂપમાં તેમણે જડની જેમ યોગચર્યાનું આચરણ કર્યું. આ સ્થિતિને મહર્ષિઓ પરમહંસપદ અથવા અવધૂતચર્યા કહે છે.

સ*ત્રે મમાસ ભગવાન્ હયશીરષાથો

સાક્ષાત્સ ય*જ્ઞપુરુ*ષસ્તપનીયવર્ણઃ .

*છન્દોમયો મખમયોડખિલદેવતાત્મા

વાચો બભૂવુરુશતીઃ(શ્) શ્વસતોડસ્ય ન*સ્તઃ .. ૧૧..

યજ્ઞપુરુષસ્ + તપનીયવર્ણઃ, મખમયોડ + ખિલદેવતાત્મા

આ પછી સ્વયં તે જ યજ્ઞપુરુષે મારા યજ્ઞમાં સ્વર્ણ જેવી કાન્તિવાળા હયગ્રીવના રૂપમાં અવતાર લીધો. ભગવાનનો તે વિગ્રહ વેદમય, યજ્ઞમય અને સર્વદેવમય છે. તેમની જ નાસિકામાંથી શ્વાસરૂપે વેદવાણી પ્રગટ થઈ.

મત્સ્યો યુગાન્તસમયે મનુનોપલ*બ્ધઃ

ક્ષોણીમયો નિખિલજીવનિકાયકેતઃ .

વિ*સ્રં(મ્)સિતાનુરુભયે સલિલે મુખાન્મે

આદાય ત*ત્ર વિજહાર હ વેદમાર્ગાન્ .. ૧૨..

નિખિલજી + વનિકા + યકેતઃ, વિસ્રં(મ્)સિતા + નુરુભયે

ચાક્ષુશ મનવંતરના અંતમાં ભાવી મનુ સત્યવ્રતે મત્સ્યના રૂપમાં ભગવાનને પ્રાપ્ત કર્યા. તે સમયે પૃથ્વીરૂપી નૌકાનો આશ્રય હોવાને કારણે તેઓ જ સમસ્ત જીવોના આશ્રય બન્યા. પ્રલયના તે ભયંકર જળમાં, મારા મુખમાંથી ઝરેલા વેદોને લઇને તેઓ તેમાં જ વિહાર કરતા રહ્યા.

ક્ષીરોદધાવમરદાનવયૂથપાના-

મુ*ન્મ*થ્નતામમૃતલ*બ્ધય આદિદેવઃ .

પૃ*ષ્ઠેન ક*ચ્છપવપુર્વિદધાર ગોત્રં(ન્)

નિ*દ્રાક્ષણોડદ્રિપરિવર્તકષાણક*ણ્ડૂઃ .. ૧૩..

ક્ષીરોદધા + વમરદા + નવયૂથપાના, મુન્મથ્ + નતા + મમૃતલબ્ધય,

કચ્છપવપુર્ + વિદધાર, નિદ્રાક્ષણોડ + દ્રિપરિવર્ + તકષા + ણકણ્ડૂઃ

જ્યારે મુખ્ય મુખ્ય દેવતાઓ અને દાનવો અમૃતપ્રાપ્તિ માટે ક્ષીરસાગરનું મંથન કરી રહ્યા હતા ત્યારે ભગવાને કચ્છપ (કાચબા)ના રૂપમાં પોતાની પીઠ ઉપર મંદરાચળ ધારણ કર્યો. તે સમયે પર્વતના ધૂમવાને કારણે તેના ઘસાવાથી તેમની પીઠની ખંજવાળ થોડી મટી, જેને લીધે તેઓ થોડીક ક્ષણો સુધી આરામથી ઊંઘી ગયા.

त्रैविष्टपोरुभयहा स नृसिं(म्)हरूपं(ङ्)

कृत्वा भ्रमद्भ्रुकुटिदं(म्)ष्ट्रकरालवक्त्रम् .

दैत्येन्द्रमाशु गदयाभिपतन्तमारा-

द्भूमौ निपात्य विददार नखैः(स्) स्फुरन्तम् .. १४..

त्रैविष्टपो + रुभयहा, भ्रमद् + भ्रुकुटिदं(म्)ष्ट्र +करालवक्त्रम्,

दैत्येन् + द्रमाशु , गदया + भिपतन् + तमारा

ત્રિલોકીનો મહાન ભય હરી લેવા માટે તેમણે નરસિંહ નું રૂપ ધારણ કર્યું. ફડફડતી ભમરો અને તીક્ષ્ણ દાઢોથી તેમનું મુખ ઘણું ભયાનક લાગતું હતું. તેમને જોતાં જ હિરણ્યકશિપુ હાથમાં ગદા લઈને તેમના પર તૂટી પડ્યો; અને તેથી ભગવાન નૃસિંહે દૂરથી જ તેને પકડી લઈને પોતાના જાંઘોમાં નાખ્યો અને તે તરફડતો રહ્યો હોવા છતાંય પોતાના નખોથી તેનું પેટ ચીરી નાખ્યું.

अन्तः(स्)सरस्युरुबलेन पदे गृहीतो

ग्राहेण यूथपतिरम्बुजहस्त आर्तः .

आहेदमादिपुरुषाखिललोकनाथ

तीर्थश्रवः(श्) श्रवणमङ्गलनामधेय .. १५..

अन्तः(स्)सरस् + युरुबलेन, यूथपतिरम् + बुजहस्त,

आहेदमा + दिपुरुषा+ खिलला + कनाथ, श्रवणमङ् + गलनामधेय

ઘણા ઊંડા સરોવરમાં મહાબળવાન ગ્રાહે (મગરમચ્છે) ગજેન્દ્રનો પગ પકડી લીધો. જ્યારે તે (ગજેન્દ્ર) ઘણો થાક્યો અને ગભરાઈ ગયો ત્યારે તેણે પોતાની સૂંઢમાં કમળ લઈને ભગવાનને પોકાર્યા – 'હે આદિપુરુષ! હે સમસ્ત લોકોના સ્વામી! હે શ્રવણમાત્રથી કલ્યાણ કરનાર !'

श्रुत्वा हरिस्तमरणार्थिनमप्रमेयश्-

चक्रायुधः(फ्) पतगराजभुजाधिरूढः .

चक्रेण नक्रवदनं(वँ) विनिपाट्य तस्माद्-

धस्ते प्रगृह्य भगवान् कृपयोज्जहार .. १६..

हरिस् + तमरणार् + थिनम+ प्रमेयश्, पतगरा + जभुजा + धिरूढः

તેનો પોકાર સાંભળીને અનંત શક્તિના ભગવાન ચક્રપાણિ નારાયણ ગરુડની પીઠ પર ચડીને ત્યાં આવ્યા અને તેમણે પોતાના ચક્રથી ગ્રાહનું મસ્તક છેદી નાખ્યું. આ રીતે કૃપાળુ ભગવાને પોતાના શરણાગત ગજેન્દ્રની સૂંઢ સાહીને તેનો તે વિપત્તિમાંથી ઉદ્ધાર કર્યો.

જ્યાયાન્ ગુણૈરવરજોડપ્યદિતેઃ(સ્) સુતાનાં(લ્ઁ)

લોકાન્ વિચક્રમ ઇમાન્ યદથાધિયજ્ઞઃ .

ક્ષ્માં(વ્ઁ) વામનેન જગૃહે ત્રિપદચ્છલેન

યાચ્ઞામૃતે પથિ ચરન્ પ્રભુભિર્ન ચાલ્યઃ .. ૧૭..

ગુણૈ + રવરજોડ + પ્યદિતેઃ(સ્) , ત્રિપદચ્ + છલેન

ભગવાન વામન અદિતિના પુત્રોમાં સૌથી નાના હતા, પરંતુ ગુણોની દ્રષ્ટિએ તેઓ સૌથી મહાન હતા; કારણ કે યજ્ઞપુરુષ ભગવાને આ અવતારમાં બલિનો સંકલ્પ છૂટતાં જ સમસ્ત લોકોને પોતાનાં ચરણોથી માપી દીધા હતા. વામન બનીને તેમણે ત્રણ ડગલાં ભૂમિના બહાને બલિ પાસેથી બધી પૃથ્વી લઈ લીધી, પરંતુ એનાથી એ વાત પણ સિદ્ધ કરી દીધી કે સન્માર્ગ પર ચાલનારા મનુષ્યો પાસેથી ભગવાન હોય તો પણ તેમણે માંગીને જ લેવું જોઈએ. સમર્થ પુરુષોએ પણ તેને ઐશ્વર્યથી ચ્યુત કરવો જોઈએ નહીં.

નાર્થો બલેરયમુરુક્રમપાદશૌચ-

માપઃ(શ્)  શિખાધૃતવતો વિબુધાધિપત્યમ્ .

યો વૈ પ્રતિશ્રુતમૃતે ન ચિકીર્ષદન્ય-

દાત્માનમઙ્ગ શિરસા હરયેડભિમેને .. ૧૮..

બલે + રયમુરુ + ક્રમપા + દશૌચ, વિબુધા + ધિપત્યમ્

ભગવાનના ચરણોના પવિત્ર જળને પોતાના મસ્તક પર ધારણ કરનાર બલિને દેવોનું આધિપત્ય પ્રાપ્ત હતું.  એને તે કોઈ મોટી વાત માનતો ન હતો;  પણ તેણે પ્રતિજ્ઞા કર્યા પછી બીજું કશું જ ન ઈચ્છયું એટલું જ નહીં, 'હું ભગવાન માટે જ છું'  એવું જેણે પોતાના અંતરમનથી માન્યું અને ભગવાનનાં ચરણકમળ પોતાના મસ્તક ઉપર પધરાવ્યાં. એ જ સાચો પુરુષાર્થ હતો.

તુભ્યં(ઞ્) ચ નારદ ભૃશં(મ્) ભગવાન્ વિવૃદ્ધ-

ભાવેન સાધુ પરિતુષ્ટ ઉવાચ યોગમ્ .

જ્ઞાનં(ઞ્) ચ ભાગવતમાત્મસતત્ત્વદીપં(યઁ)

યદ્વાસુદેવશરણા વિદુરઞ્જસૈવ .. ૧૯..

ભાગવતમાત્ + મસતત્ + ત્વદીપં(યઁ), યદ્વાસુદે + વશરણા

હે નારદ! તમારા અત્યંત પ્રેમભાવથી પરમ પ્રસન્ન થઈને હંસના રૂપમાં ભગવાને તમને યોગ, જ્ઞાન અને આત્મતત્વને પ્રકાશિત કરનારા ભાગવતધર્મનો ઉપદેશ આપ્યો, કે જે કેવળ ભગવાનના શરણાગત ભક્તોને જ સરળતાથી મળે છે.

**ચક્રં(ગ્) ચ દિક્ષ્વવિહતં(ન્) દશસુ સ્વતેજો**

**મન્વન્તરેષુ મનુવં(મ્)શધરો બિભર્તિ .**

**દુષ્ટેષુ રાજસુ દમં(વ્ઁ) વ્યદધાત્ સ્વકીર્તિં(મ્)**

**સત્યે ત્રિપૃષ્ઠ ઉશતીં(મ્) પ્રથયં(મ્)શ્ચરિત્રૈઃ .. ૨૦..**

સ્વાયંભુવ વગેરે મનવંતરોમાં મનુના રૂપમાં અવતાર લઈને મનુ વંશનું રક્ષણ કરતા રહીને, દસે દિશાઓમાં અકુંઠિત તેજ અને સુદર્શનચક્રને ધારણ કરનારા ભગવાન નિષ્કંટક શાસન કરે છે. ત્રણેય લોકોની ઉપર સત્યલોક સુધી તેમના ચરિત્રોની કમનીય કીર્તિ ફેલાય છે અને તે જ રૂપે તેઓ અવારનવાર પૃથ્વીના ભારરૂપ દુષ્ટ રાજાઓનું દમન પણ કરતા રહે છે.

**ધન્વન્તરિશ્ચ ભગવાન્ સ્વયમેવ કીર્તિ-**

**ર્નામ્ના નૃણાં(મ્) પુરુરુજાં(મ્) રુજ આશુ હન્તિ .**

**યજ્ઞે ચ ભાગમમૃતાયુરવાવરુન્ધ**

**આયુષ્ય વેદમનુશાસ્ત્યવતીર્ય લોકે .. ૨૧..**

**ભાગમમૃતા + યુરવા + વરુન્ધ, વેદમનુશાસ્ + ત્યવતીર્ય**

ધન્વંતરિ ભગવાન સ્વયં મૂર્તિમાન કીર્તિસ્વરૂપ છે. તેમના નામથી જ મોટા મોટા રોગીઓના રોગોનો તત્કાળ નાશ કરે છે. દૈત્યો વડે હરી લેવાયેલ તેમનો યજ્ઞ-ભાગ, જે યજ્ઞમાં અમૃતમય આયુષ્ય પ્રદાન કરનાર છે તેને તેમણે ફરીથી પ્રાપ્ત કર્યો. તેમણે જ અવતાર લઈને સંસારમાં આયુર્વેદનું પ્રવર્તન કર્યું.

**ક્ષત્રં(ઙ્) ક્ષયાય વિધિનોપભૃતં(મ્) મહાત્મા**

**બ્રહ્મધ્રુગુજ્ઝિતપથં(ન્) નરકાર્તિલિપ્સુ .**

**ઉદ્ધન્ત્યસાવવનિકણ્ટકમુગ્રવીર્યસ્ -**

**ત્રિઃ(સ્)સપ્તકૃત્વ ઉરુધારપરશ્વધેન .. ૨૨..**

**બ્રહ્મધ્રુગુજ્ + ઝિતપથં(ન્), ઉદ્ધન્ + ત્યસા + વવનિકણ્ + ટકમુગ્રવીર્યસ્**

એ જ ભગવાને, ઉગ્રપરાક્રમવાળા મહાત્મા પરશુરામરૂપે, ભાગ્યવશાત્ વિનાશ માટે જ વધી ગયેલા, બ્રાહ્મણોનો દ્રોહ કરનારા અને જેમણે પોતાનો માર્ગ છોડી દીધો છે તેના ફળ સ્વરૂપે નરકની પીડાને પ્રાપ્ત થનારા તથા પૃથ્વી માટે કંટકરૂપ એવા ક્ષત્રિય–સમુદાયનો પોતાના ઘોર પરશુને તીક્ષ્ણ ધારથી એકવીસ વાર સંહાર કર્યો.

अस्मत्प्रसादसुमुखः(ख्) कलया कलेश

इक्ष्वाकुवं(म्)श अवतीर्य गुरोर्निदेशे ।

तिष्ठन् वनं(म्) सदयितानुज आविवेश

यस्मिन् विरुध्य दशकन्धर आर्तिमार्च्छत् ॥ २३॥

अस्मत् + प्रसादसुमुखः(ख्), इक्ष्वा + कुवं(म्)श, आर्तिमार् + च्छत्

માયાપતિ ભગવાને આપણા પર અનુગ્રહ (કૃપા કરુણા) કરવા માટે પોતાની કળાઓ – ભરત, શત્રુઘ્ન અને લક્ષ્મણની સાથે શ્રીરામના રૂપમાં ઈક્ષ્વાકુ વંશમાં અવતાર લઈને પોતાના પિતાની આજ્ઞા નું પાલન કરવા પોતાની પત્ની અને ભાઈ સાથે વનમાં નિવાસ કર્યો તે જ સમયે તેમનાથી વિરોધ કરવાથી રાવણ તેમના હાથે માર્યો ગયો.

यस्मा अदादुदधिरूढभयाङ्गवेपो

मार्गं(म्) सपद्यरिपुरं(म्) हरवद् दिधक्षोः ।

दूरे सुहृन्मथितरोषसुशोणदृष्ट्या

तातप्यमानमकरोरगनक्रचक्रः ॥ २४॥

अदा + दुदधिरू + ढभयाङ् + गवेपो, सुहृन् + मथितरो + षसुशो + णदृष्ट्या,

तातप्यमा + नमकरो + रगनक्रचक्रः

ત્રિપુર વિમાનને બાળી મુકવા ઉદ્યત થયેલા શંકરની જેમ ભગવાન શ્રીરામ જે સમયે શત્રુની નગરી લંકાને ભસ્મ કરવા માટે સમુદ્રકિનારે પહોંચ્યા તે સમયે તેમનાં પ્રિય પત્ની સીતાજીના વિયોગને કારણે વૃદ્ધિ પામેલા ક્રોધાગ્નિથી તેમની આંખો એટલી લાલ થઈ ગઈ કે તેમની દ્રષ્ટિથી જ સમુદ્રના મગરમચ્છ, સાપ, ગ્રાહ વગેરે જીવો સંતપ્ત થવા લાગ્યા અને ભયથી થરથર કંપતા સમુદ્રે ઝટપટ તેમને માર્ગ આપી દીધો.

वक्षः(स्)स्थलस्पर्शरुग्णमहेन्द्रवाह-

दन्तैर्विडम्बितककुब्जुष ऊढहासम् ।

सद्योऽसुभिः(स्) सह विनेष्यति दारहर्तुः

विस्फूर्जितैर्धनुष उच्चरतोऽधिसैन्ये ॥ २५॥

वक्षः(स्)स्थलस् + पर्शरुग् + णमहेन्द्रवाह,

दन्तैर्विडम् + बितककुब् + जुष, विस्फूर् + जितैर्धनुष

રાવણના કઠોર વક્ષઃસ્થળથી ભટકાઈને ઇન્દ્રના વાહન ઐરાવતના દાંત તૂટીને ચૂર-ચૂર થઈ ચારે દિશાઓમાં વિખેરાઈ ગયા, તેથી દિશાઓ પણ સફેદ થઈ ગઈ. ત્યારે ઘમંડથી ફુલાઈને અટ્ટહાસ્ય

કરનારો રાવણ જ્યારે શ્રીરામચંદ્રજીના પત્ની સીતાજીને હરી લાવ્યો ત્યારે શ્રીરામની સામે યુદ્ધ ભૂમિમાં ગર્વ પૂર્વક લડવા આવ્યો અને ભગવાન શ્રીરામની સામે યુદ્ધ ભૂમિમાં ગર્વ પૂર્વક લડવા આવ્યો અને ભગવાન શ્રીરામના ધનુષ્ય ટંકારથી જ તેનો ઘમંડ અને પ્રાણ ગુમાવી બેઠો.

ભૂમેઃ(સ્) સુરેતરવરૂથવિમર્દિતાયાઃ(ખ્)

ક્લેશ*વ્યયાય કલયા સિત*કૃષ્ણકેશઃ .

જાતઃ(ખ્) ક*રિષ્યતિ જનાનુપલક્ષ્યમાર્ગઃ(ખ્)

કર્માણિ ચાત્મમહિમોપનિ*બન્ધનાનિ .. ૨૬..

સુરેતરવરૂ + થવિમર્દિતાયાઃ(ખ્), જના + નુપલક્ષ્ય + માર્ગઃ(ખ્)

ચાત્ + મમહિમો + પનિબન્ + ધનાનિ

જે સમયે વિપુલમાત્રામાં દૈત્યો પૃથ્વીને ત્રસ્ત કરશે તે સમયે તેનો ભાર ઉતારવા માટે ભગવાન પોતાના ગૌરવવર્ણ અને કૃષ્ણવર્ણના રૂપમાં બલરામ અને શ્રીકૃષ્ણના રૂપમાં કલા અવતાર ધારણ કરશે. તેઓ પોતાનો મહિમા પ્રગટ કરવા માટે એટલાં અદ્‌ભુત ચરિત્રો કરશે કે સંસારના મનુષ્યો તેમની લીલાઓનું રહસ્ય બિલકુલ સમજી શકશે નહીં.

તોકેન જીવહરણં(યઁ) યદુલૂકિકાયાઃ

ત્રૈમાસિ*કસ્ય ચ પદા શકટોઽપવૃત્તઃ .

યદ્ રિ*ઙ્ગતાન્તરગતેન દિ*વિસ્પૃશોર્વા

*ઉન્મૂલનં(ન્) ત્વિતરથાર્જુનયોર્ન ભાવ્યમ્ .. ૨૭..

રિઙ્ગતાન્ + તરગતેન, ત્વિતરથાર્ + જુનયોર્ન

બાળપણમાં જ પૂતનાના પ્રાણ હરી લેવા, ત્રણ મહિનાની ઉંમરે જ પગ ઉલાળીને ઘણું ભારે શકત (ગાડું) ઉલટાવી નાખવું અને ગોઠણભેર ચાલતા ચાલતા આકાશને અડનારા યમલાર્જુન વૃક્ષોની વચ્ચે બેસીને તેમને ઉખેડી નાખવા – આ બધાં એવાં કામ છે કે જે ભગવાન સિવાય અન્ય કોઈ કરી શકે નહીં.

યદ્વૈ વ્રજે વ્રજપશૂન્ વિષતોયપીતાન્

પાલાં(મ્)સ્ત્વજીવયદનુ*ગ્રહ*દૃષ્ટિવૃષ્ટ્યા .

*ત*ચ્છુદ્ધયેઽતિવિષવીર્યવિલોલજિહ્વ-

મુચ્ચાટ*યિષ્યદુરગં(વઁ) વિહરન્ હ્ર*દિન્યામ્ .. ૨૮..

પાલાં(મ્)સ્ + ત્વજી + વયદનુગ્રહ + દૃષ્ટિવૃષ્ટ્યા ,

તચ્છુદ્ + ધયેઽતિવિષવીર્ + યવિલોલજિહ્વ, મુચ્ચાટયિષ્ + યદુરગં(વઁ)

જ્યારે કાલિય નાગના વિષથી દૂષિત થયેલા યમુનાનાં જળ પીને વાછરડાં અને ગોપબાળકો મરી જશે ત્યારે તેઓ પોતાની સુધાપૂર્ણ કૃપાદ્રષ્ટિની વૃષ્ટિથી જ તેમને જીવતાં કરી દેશે અને યમુનાનાં જળને શુધ્ધ કરવા માટે તેઓ તેમાં વિહાર કરશે તથા અત્યંત ભયાનક ઝેરવાળા, પરાક્રમી અને જીભ લપકારતા કાલિય નાગને ત્યાંથી કાઢી મૂકશે.

તત્કર્મ દિવ્યમિવ યન્નિશિ નિઃશયાનં(ન્)

દાવાગ્નિના શુચિવને પરિદહ્યમાને .

ઉન્નેષ્યતિ વ્રજમતોऽવસિતાન્તકાલં(ન્)

નેત્રે પિધાપ્ય સબલોऽનધિગમ્યવીર્યઃ .. ૨૯..

વ્રજમતોऽ + વસિતાન્ + તકાલં(ન્), સબલોऽ + નધિગમ્ + યવીર્યઃ

આ ભગવાનનું કેવું દિવ્ય કર્મ હશે કે - તે જ દિવસે રાત્રિના સમયે બલરામ સહિત બધા લોકો યમુના કિનારે સૂકા ઘાસના વનમાં મીઠી નિંદ્રામાં સુતા હશે ત્યારે એકાએક ચારે બાજુ દાવાનળ સળગતાં વ્રજવાસીઓના પ્રાણ સંકટમાં આવી પડતા (હે કૃષ્ણ! હે કૃષ્ણ! બચાવો, બચાવો. અમારું રક્ષણ કરો, રક્ષણ કરો. એવો પોકાર કરતાં) તેમની આંખો બંધ કરાવી દાવાગ્નિથી બચાવી ભગવાન તેમને વ્રજમાં લઈ જશે. (આ જ તો ભગવાનની અકળ લીલા છે!)

ગૃહ્ણીત યદ્યદુપબન્ધમમુષ્ય માતા

શુલ્બં(મ્) સુતસ્ય ન તુ તત્તદમુષ્ય માતિ .

યજ્જૃમ્ભતોऽસ્ય વદને ભુવનાનિ ગોપી

સં(વ઼્)વીક્ષ્ય શઙ્કિતમનાઃ(ફ્) પ્રતિબોધિતાऽऽસીત્ .. ૩૦..

યદ્યદુપબન્ + ધમમુષ્ય, પ્રતિબો + ધિતાऽऽસીત્

( જે કોઈના બંધનમાં ક્યારેય આવતા નથી) તે ભગવાનને બાંધવા માટે જ્યારે માતા જશોદાજી જે જે દોરડાં લાવશે તે બધા ટૂંકા પડશે. (છેવટે તો કૃપા કરી બંધાઈ જ જશે.) ત્યાર પછી શ્રીકૃષ્ણને બગાસું આવતા માં જશોદાજી તેમના મુખમાં અનેક બ્રહ્માંડો જોઈને વિસ્મિત થઈ જશે ત્યારે ભગવાન તેમને જ્ઞાન આપી તેમના મનનું સમાધાન કરશે.

નન્દં(ગ્) ચ મોક્ષ્યતિ ભયાદ્વરુણસ્ય પાશા-

દ્ગોપાન્ બિલેષુ પિહિતાન્ મયસૂનુના ચ .

અહ્ન્યાપૃતં(ન્) નિશિ શયાનમતિશ્રમેણ

લોકં(વ઼્) વિકુણ્ઠમુપનેષ્યતિ ગોકુલં(મ્) સ્મ .. ૩૧..

વિકુણ્ઠ + મુપનેષ્યતિ

તેઓ નંદબાબાને અજગરના ભયમાંથી અને વરુણના પાશ (બંધન)માંથી છોડાવશે. મય દાનવનો પુત્ર વ્યોમાસુર જ્યારે ગોપ બાળકોને પહાડની ગુફાઓમાં પૂરી દેશે ત્યારે તેઓ તેમને પણ ત્યાંથી બચાવી લાવશે. ગોકુળના લોકોને, કે જેઓ આખો દિવસ તો કામધંધામાં વ્યાકુળ રહે છે અને રાત્રે અત્યંત થાકીને સૂઈ જાય છે, તેમને, તેઓ સાધનાહીન હોવા છતાંય એ પોતાના પરમધામમાં લઈ જશે.

**ગોપૈર્મખે પ્રતિહતે વ્રજવિપ્લવાય**

**દેવેડભિવર્ષતિ પશૂન્ કૃપયા રિરંક્ષુઃ .**

**ધર્તોચ્છિલીન્ધ્રમિવ સંસ દિનાનિ સંસ-**

**વર્ષો મહીધ્રમનઘૈકકરે સલીલમ્ .. ૩૨..**

**ધર્તોચ્ + છિલીન્ + ધ્રમિવ, મહીધ્ર + મનઘૈકકરે**

હે નિષ્પાપ નારદ! જ્યારે શ્રીકૃષ્ણની સલાહથી ગોપલોકો ઈન્દ્રનો યજ્ઞ બંધ કરી દેશે ત્યારે ઈન્દ્ર વ્રજભૂમિનો વિનાશ કરવા માટે ચારે બાજુથી મુશળધાર વરસાદ વરસાવશે તેમાંથી તેમનું અને તેમના પશુઓનું રક્ષણ કરવા માટે ભગવાન કૃપાધીન થઈને સાત વર્ષની ઉંમરે જ સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને એક જ હાથે છત્રકપુષ્પ (બિલાડીના ટોપની) જેમ રમત રમતમાં સહેલાઈથી જ ધારણ કરી લેશે.

**ક્રીડન્ વને નિશિ નિશાકરરશ્મિગૌર્યાં(મ્)**

**રાસોન્મુખઃ(ખ્) કલપદાયતમૂર્ચ્છિતેન .**

**ઉદ્દીપિતસ્મરરુજાં(વ્ઁ) વ્રજભૃદ્વધૂનાં(મ્)**

**હર્તુર્હરિષ્યતિ શિરો ધનદાનુગસ્ય .. ૩૩..**

**નિશા + કરરશ્ + મિગૌર્યાં(મ્), કલપદા + યતમૂર્ચ્છિતેન,**

**ઉદ્દીપિતસ્ + મરરુજાં(વ્ઁ), વ્રજભૃદ્ + વધૂનાં(મ્)**

વૃંદાવનમાં વિહાર કરતાં કરતાં શરદપૂર્ણિમાની રાત્રિના સમયે ચંદ્રમાની ચારેબાજુ ખીલેલી ઉજવળ ચાંદનીમાં રાસ રમવાની ઈચ્છાથી શ્રીકૃષ્ણ દ્વારા ગોપીઓને આમંત્રિત કરનારા મધુર વેણુનાદને સાંભળીને શ્રીકૃષ્ણ મિલનની તીવ્ર લાલસાથી અને શ્રીકૃષ્ણ સાથેના મહારાસ દ્વારા પરમાનંદની અનુભૂતિ કરનારી ગોપીઓને જ્યારે કુબેર નો પુત્ર શંખચૂડ હરી જશે ત્યારે ભગવાન તેનું મસ્તક છેદી ગોપીઓને છોડાવશે.

**યે ચ પ્રલમ્બખરદર્દુરકેશ્યરિષ્ટ-**

**મલ્લેભકં(મ્)સયવનાઃ(ખ્) કુજપૌણ્ડ્રકાદ્યાઃ .**

**અન્યે ચ શાલ્વકપિબલ્વલદન્તવક્ત્ર-**

સં*પ્રોક્ષશ*મ્બરવિદૂરથરુ*ક્મિમુ*ખ્યાઃ .. ૩૪..

પ્રલમ્બ + ખરદર્ + દુરકેશ્ + યરિષ્ટ, કુજપૌણ્ડ્ર + કાદ્યાઃ,

શાલ્ + વકપિબલ્ + વલદન્તવક્ત્ર, સપ્રો + ક્ષશમ્ + બરવિદૂ + રથરુક્મિમુખ્યાઃ

યે વા મૃધે સમિતિશાલિન આત્તચાપાઃ(ખ્)

કામ્બોજમત્સ્યકુરુકૈકયસૃ*ઞ્જયાદ્યાઃ .

યાસ્યન્ત્યદર્શનમલં(મ્) બલપાર્થભીમ*-

વ્યાજાહ્વયેન હરિણા નિલયં(ન્) તદીયમ્ .. ૩૫..

કામ્બો + જમત્સ્ય + કુરુકૈ + કયસૃઞ્ + જયાદ્યાઃ, યાસ્યન્ત્ય + દર્શનમલં(મ્)

બીજા પણ ઘણા બધા – પ્રલંબાસુર, ધેનુકાસુર, બકાસુર કેશી, અરિષ્ટાસુર વગેરે દૈત્યો; ચાણૂર વગેરે પહેલવાનો, કુવલયાપીડ હાથી, કંસ, કાલયવન, ભૌમાસુર, મિથ્યાવાસુદેવ, શાલ્વ, દ્વિવિદવાનર, બલ્વલ, દંતવક્ત્ર, રાજા નગ્નજિતના સાત બળદ, શંબરાસુર, વિદૂરથ, રુકમી વગેરે તથા કામ્બોજ, મત્સ્ય, કુરુ, કૈકય, સૃંજય વગેરે દેશોના રાજાઓ તેમ જ જે પણ યોદ્ધાઓ ધનુષ્ય ધારણ કરીને યુદ્ધભૂમિમાં સામે આવશે તે બધા બલરામ, ભીમસેન, અર્જુન વગેરે નામોની ઓથે સ્વયં ભગવાન વડે જ મારી આ જશે અને તેમના ધામમાં પ્રાપ્ત થશે.

કાલેન મીલિતધિયામવમૃ*શ્ય નૃણાં(મ્)

સ્તોકાયુષાં(મ્) સ્વનિગમો બત દૂરપારઃ .

આવિર્હિતસ્ત્વનુયુગં(મ્) સ હિ સ*ત્યવ*ત્યાં(વ઼્ઁ)

વે*દદ્રુમં(વ઼્ઁ)વિટપશો વિભ*જિષ્યતિ* સ્મ .. ૩૬..

મીલિતધિયા + મવમૃશ્ય, આવિર્ + હિતસ્ + ત્વનુયુગં(મ્)

કાળક્રમે લોકોની સમજ ઓછી થઈ જાય છે, આયુષ્ય પણ ટૂંકું થવા લાગે છે; તે સમયે ભગવાન જ્યારે જુએ છે કે હવે આ લોકો મારું તત્વ બતાવનારી વેદવાણીને સમજવામાં અસમર્થ છે ત્યારે પ્રત્યેક કલ્પમાં સત્યવતીના ગર્ભથી વ્યાસરૂપે પોતે જ પ્રગટ થઈને વેદ રૂપી વૃક્ષનું વિભિન્ન શાખાઓના રૂપમાં વિભાજન કરે છે.

દેવ*દ્વિષાં(ન્) નિગમવર્ત્મનિ નિ*ષ્ઠિતાનાં(મ્)

પૂર્ભિર્મયેન વિહિતાભિરદૃ*શ્યતૂર્ભિઃ .

લોકાન્ ઘ્નતાં(મ્) મતિવિમોહમતિ*પ્રલોભં(વ઼્ઁ)

વેષં(વ઼્ઁ)વિધાય બહુ ભાષ્યત ઔપધર્મ્યમ્ .. ૩૭..

વિહિતા + ભિરદૃશ્ + યતૂર્ભિઃ, મતિવિમો + હમતિ + પ્રલોભં(વ઼્ઁ)

દેવતાઓના શત્રુ દૈત્યો, જેમને વૈદિક કર્મનો અધિકાર નથી તે પણ વેદમાર્ગ નો સહારો લઈને મયદાનવે બનાવેલાં અદ્રશ્ય વેગવાળાં નગરોમાં રહીને યજ્ઞ કરશે અને લોકોનો સત્યના સત્યનાશ (વિનાશ) કરશે ત્યારે ભગવાન લોકોની બુદ્ધિમાં મોહ અને અતિલોભ ઉત્પન્ન કરનારો વેશ ધારણ કરીને બુદ્ધના રૂપમાં ઘણાબધા ધર્મોનો ઉપદેશ કરશે.

યર્હ્યાલયેષ્વપિ સતાં(ન્) ન હરેઃ(ખ્) કથાઃ(સ્) સ્યુઃ(ફ્)

પાખણ્ડિનો દ્વિજજના વૃષલા નૃદેવાઃ .

સ્વાહા સ્વધા વષડિતિ સ્મ ગિરો ન યત્ર

શાસ્તા ભવિષ્યતિ કલેર્ભગવાન્ યુગાન્તે .. ૩૮..

યર્હ્યા + લયેષ્વપિ

કળિયુગના અંતે જ્યારે સત્પુરુષોનાં ઘરોમાં પણ ભગવત્કથા થવામાં વિઘ્નો ઊભાં થવા લાગશે; બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો પાખંડી થઈ જશે તથા શૂદ્રો રાજા બની જશે, ત્યાં સુધી કે ક્યાંય પણ ‘સ્વાહા’, ‘સ્વધા’ અને ‘વષટ્કાર’ નો ધ્વનિ – દેવો-પિતૃઓના યજ્ઞશ્રાદ્ધની વાત સુધ્ધાં સાંભળવા મળશે નહીં ત્યારે કળિયુગનું શાસન કરવા માટે ભગવાન કલ્કિ અવતાર ધારણ કરશે.

સર્ગે તપોઽહમૃષયો નવ યે પ્રજેશાઃ(સ્)

સ્થાને ચ ધર્મમખમન્વમરાવનીશાઃ .

અન્તે ત્વધર્મહરમન્યુવશાસુરાધા

માયાવિભૂતય ઇમાઃ(ફ્) પુરુશક્તિભાજઃ .. ૩૯..

ધર્મમખમન્ + વમરા + વનીશાઃ, ત્વધર્ + મહરમન્ + યુવશા + સુરાધા

જ્યારે સૃષ્ટિ રચનાનો સમય હોય છે ત્યારે તપસ્યા, નવ પ્રજાપતિઓ, મરીચિ આદિ ઋષિઓના અને મારા રૂપમાં; જ્યારે સૃષ્ટિ રક્ષણનો સમય હોય છે ત્યારે ધર્મ, વિષ્ણુ, મનુ, દેવતાઓ અને રાજાઓના રૂપમાં; તથા જ્યારે સૃષ્ટિ-પ્રલયનો સમય હોય છે ત્યારે અધર્મ, રુદ્ર અને ક્રોધવશ નામના સર્પના તેમજ દૈત્યો વગેરેના રૂપમાં સર્વશક્તિમાન ભગવાનની માયા વિભૂતિઓ જ પ્રગટ થાય છે.

વિષ્ણોર્નુ વીર્યગણનાં(ઙ્) કતમોઽર્હતીહ

યઃ(ફ્) પાર્થિવાન્યપિ કવિર્વિમમે રજાં(મ્)સિ .

ચસ્કમ્ભ યઃ(સ્) સ્વરહસાસ્ખલતા ત્રિપૃષ્ઠં(યઁ)

યસ્માત્ ત્રિસામ્યસદનાદુરુ કમ્પયાનમ્ .. ૪૦..

સ્વરહસાસ્ + ખલતા, ત્રિસામ્ + યસદના + દુરુ

કોઈ વ્યક્તિ ભલે પૃથ્વીના રજકણોની ગણતરી કદાચ( એ સંભવ જ નથી.) કરી શકે, પરંતુ ભગવાનના પરાક્રમોની ગણતરી કરવી સંભવ નથી. ભગવાન જ્યારે ત્રિવિક્રમ અવતારમાં ત્રિલોકીને બે ડગલામાં માપી રહ્યા હતા ત્યારે તેમના ચરણોમાં અદમ્ય વેગથી સમસ્ત બ્રહ્માંડ ધ્રુજવાની સ્થિતિમાં હતું, પરંતુ ભગવાને તેને સ્થિર રાખ્યું હતું. આ તેમનું કેવું અદભુત પરાક્રમ છે?

**નાન્તં(વ્઀) વિદામ્યહમમી મુનયોઽગ્રજાસ્તે**

**માયાબલસ્ય પુરુષસ્ય કુતોઽપરે યે .**

**ગાયન્ ગુણાન્ દશશતાનન આદિદેવઃ(શ્)**

**શેષોઽધુનાપિ સમવસ્યતિ નાસ્ય પારમ્ .. ૪૧..**

સમસ્ત સૃષ્ટિની રચના અને સંહાર કરનારી માયા તેમની એક શક્તિ છે. એવી-એવી અનંત શક્તિઓના આશ્રયભૂત તેમના સ્વરૂપને નથી હું જાણતો અને નથી તો તમારા મોટાભાઈ સનકાદિ વગેરે જાણતા, પછી બીજાઓની તો વાત જ ક્યાં રહી? આદિદેવ ભગવાન શેષ પોતાનાં સહસ્ર મુખોથી તેમનાં ગુણગાન કરતા રહ્યા છે, પરંતુ તેઓ હજી પણ તેમના અંતની કલ્પના કરી શક્યા નથી.

**યેષાં(મ્) સ એવ ભગવાન્ દયયેદનન્તઃ(સ્)**

**સર્વાત્મનાઽઽશ્રિતપદો યદિ નિર્વ્યલીકમ્ .**

**તે દુસ્તરામતિતરન્તિ ચ દેવમાયાં(ન્)**

**નૈષાં(મ્) મમાહમિતિ ધીઃ(શ્) શ્વશૃગાલભક્ષ્યે .. ૪૨..**

**સર્વાત્મનાઽઽ + શ્રિતપદો, દુસ્તરા + મતિતરન્તિ, શ્વશૃગા + લભક્ષ્યે**

જેઓ નિષ્કપટભાવે ભગવાનના ચરણારવિંદના આશ્રિત થઈ જાય છે, અનંત ભગવાન તેમના પર દયા કરે છે અને તેઓ જ ભગવાનની દુસ્તર એવી દેવમાયાને પાર કરી જાય છે. અને તેમની કુતરા-શિયાળના ભક્ષણ એવા શરીર, ઘર, પત્ની, પુત્રમાં 'હું અને મારું' એવી આસક્તિ રહેતી નથી.

**વેદાહમઙ્ગ પરમસ્ય હિ યોગમાયાં(યઁ)**

**યૂયં(મ્) ભવશ્ચ ભગવાનથ દૈત્યવર્યઃ .**

**પત્ની મનોઃ(સ્) સ ચ મનુશ્ચ તદાત્મજાશ્ચ**

**પ્રાચીનબર્હિરૃભુરઙ્ગ ઉત ધ્રુવશ્ચ .. ૪૩..**

**પ્રાચીનબર્ + હિર્ + ઋભુરઙ્ગ**

પ્રિય નારદ! પરમ પુરુષની તે યોગમાયાને કોણ કોણ જાણે છે તે કહું છું હું. તથા તમે બધા ભગવાન શંકર દૈત્યકુલભૂષણ પ્રહલાદ, શતરૂપા, મનુ, મનુપુત્રો પ્રિયવ્રત વગેરે પ્રાચીનબર્હિષ્ (ઈન્દ્ર), ઋભુ અને ધ્રુવ અને...

ઇક્ષ્વાકુરૈલમુચુકુન્દવિદેહગાધિ-

રધ્વમ્બરીષસગરા ગયનાહુષાદ્યાઃ .

માન્ધાત્રલર્કશતધન્વનુરન્તિદેવા

દેવવ્રતો બલિરમૂર્ત્તરયો દિલીપઃ .. ૪૪..

ઇક્ષ્વાકુરૈ + લમુચુકુન્દ + વિદેહગાધિ, રધ્વમ્ + બરીષસગરા,

માન્ધાત્રલર્ + કશતધન્ + વનુરન્તિદેવા, બલિરમૂર્ત્ + તરયો

સૌભર્યુતઙ્કશિબિદેવલપિપ્પલાદ-

સારસ્વતોદ્ધવપરાશરભૂરિષેણાઃ .

યેઽન્યે વિભીષણહનૂમદુપેન્દ્રદત્ત-

પાર્થાર્ષ્ટિષેણવિદુરશ્રુતદેવવર્યાઃ .. ૪૫..

સૌભર્ + યુતઙ્કશિબિદે + વલપિપ્પલાદ, સારસ્વતોદ્ + ધવપરાશરભૂ+ રિષેણાઃ,

વિભીષણહનૂ + મદુપેન્ + દ્રદત્ત, પાર્થાર્ષ્ટિષે + ણવિદુર + શ્રુતદેવવર્યાઃ

આ સિવાય ઈશ્વાકુ, પૂરૂરવા, મુચુકુંદ, જનક, ગાધિ, રઘુ, અંબરીષ, સગર, ગય, યયાતિ વગેરે તથા માંધાતા, અલર્ક, શતધન્વા, અનુ, રન્તિદેવ, ભીષ્મ, બલિ, અમૂર્ત્તરય, દિલીપ સૌભરી, ઉત્તંક, શિબિ, દેવલ, પિપ્પલાદ, સારસ્વત, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ તેમજ વિભીષણ, હનુમાન, શુકદેવ, અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર, શ્રુતદેવ વગેરે મહાત્માઓ પણ જાણે છે.

તે વૈ વિદન્ત્યતિતરન્તિ ચ દેવમાયાં(મ્)

સ્ત્રીશૂદ્રહૂણશબરા અપિ પાપજીવાઃ .

યદ્યદ્ભુતક્રમપરાયણશીલશિક્ષાસ્-

તિર્યગ્જના અપિ કિમુ શ્રુતધારણા યે .. ૪૬..

વિદન્ + ત્યતિતરન્તિ, સ્ત્રીશૂ + દ્રહૂણશબરા,

યદ્યદ્ભુત + ક્રમપરા + યણશી + લશિક્ષાસ્

ભગવાનના પ્રેમી ભક્તોના જેવો સ્વભાવ બનાવવાનો જેમને બોધ મળ્યો છે તે સ્ત્રીઓ, હૂણો, ભીલો અને પાપને કારણે પશુ-પક્ષી વગેરે યોનિઓમાં રહેનારાઓ પણ ભગવાનની માયા નું રહસ્ય જાણી જાય છે અને આ સંસાર-સાગરમાંથી હંમેશ માટે પાર ઉતરી જાય છે; તો પછી જે મનુષ્ય વૈદિક સદાચારનું પાલન કરે છે તેમની બાબતમાં તો કહેવાનું શું હોય?

શશ્વત્પ્રશાન્તમભયં(મ્) પ્રતિબોધમાત્રં(મ્)

શુ*દ્ધં(મ્) સમં(મ્) સદસતઃ(ફ્) પરમાત્મતત્ત્વમ્ .

શ*બ્દો ન ય*ત્ર પુરુકારકવાન્ ક્રિયાર્થો

માયા પરૈત્યભિમુખે ચ વિલજ્જમાના .. ૪૭..

પરમાત્માનું વાસ્તવિક સ્વરૂપ એકરસ, શાંત, અભય તેમજ કેવળ જ્ઞાનસ્વરૂપ છે, શુધ્ધ અને સમ છે, સત્-અસત્ બંનેથી પર છે. કોઈ પણ વૈદિક કે લૌકિક શબ્દનું તેને વર્ણવવાનું સામર્થ્ય નથી. (તેનાથી તો પ્રપંચની જ પ્રાપ્તિ થાય છે. ) અનેક પ્રકારનાં સાધનોથી સંપન્ન થનારાં કર્મોનું ફળ પરમાત્મતત્વ નથી. બીજું તો શું, સ્વયં માયા પણ તે પરમાત્મસ્વરૂપની સામે જવા પામતી નથી, લજવાઈને દૂર ભાગી જાય છે.

તદ્વૈ પદં(મ્) ભગવતઃ(ફ્) પરમ*સ્ય પું(મ્)સો

બ્રહ્મેતિ યદ્વિદુરજ*સ્રસુખં(વ઼્) વિશોકમ્ .

સધ્ર્યઙ્ નિય*મ્ય યતયો યમકર્તહેતિં(ગ્)

જહ્યુઃ(સ્) સ્વરાડિવ નિપાનખનિ*ત્રમિન્દ્રઃ .. ૪૮..

નિપા + નખનિત્રમિન્દ્રઃ

પરમપુરૂષ ભગવાનનું તે જ પરમપદ છે. મહાત્માઓ તેનો શોકરહિત અનંત આનંદસ્વરૂપ બ્રહ્મના રૂપમાં સાક્ષાત્કાર કરે છે. સંયમશીલ મનુષ્યો તેનામાં પોતાના મનને સમાહિત કરીને સ્થિત થઈ જાય છે. જેમ ઈન્દ્ર સ્વયં મેઘ-રૂપે વિધમાન હોવાને કારણે પાણી માટે કૂવો ખોદવાની કોદાળી રાખતા નથી, તેવી જ રીતે મહાપુરુષોને પરમાત્મામાં શાશ્વત સ્થિતિ પ્રાપ્ત કરી લેવાથી કોઈ સાધનની જરૂર રહેતી નથી.

સ* શ્રેયસામપિ વિભુર્ભગવાન્ યતોઽસ્ય

ભાવ*સ્વભાવવિહિત*સ્ય સતઃ(ફ્) પ્રસિ*દ્ધિઃ .

દેહે સ્વધાતુવિગમેઽનુવિશીર્યમાણે*

વ્યોમેવ ત*ત્ર પુરુષો ન વિશીર્યતેઽજઃ .. ૪૯..

ભાવસ્વભા + વવિહિતસ્ય, સ્વધા + તુવિગમેઽ + નુવિશીર્ + યમાણે

તે પરમ પુરુષ પરમાત્મા સર્વશ્રેષ્ઠ કર્મોના પ્રભુ છે, ભગવાન છે. મનુષ્યોના ભાવ અને સ્વભાવ પ્રમાણે જેમ શાસ્ત્રોમાં કહ્યું છે તે સત્કર્મોની પ્રસિધ્ધિ (ઉત્પત્તિ) ભગવાનથી જ થાય છે. તે અજન્મા પરમાત્મા ક્ષેત્રજ્ઞના રૂપમાં સર્વવ્યાપી છે. આ શરીરનો નાશ થવાથી તેનો નાશ થતો નથી. તે આકાશવત્ સર્વવ્યાપી છે.

સોઽયં(ન્) તેઽભિહિત*સ્તાત, ભગવાન્ વિ*શ્વભાવનઃ .

સમાસેન હરેર્નાન્ય-દ*ન્ય*સ્માત્ સદસચ્ચ યત્ .. ૫૦..

પુત્ર નારદ! સંકલ્પથી વિશ્વની રચના કરનારા, છ ઐશ્વર્યોથી સંપન્ન શ્રીહરિનું મેં તમારી આગળ સંક્ષેપમાં વર્ણન કર્યું. જે કંઈ કાર્ય-કરણ અથવા ભાવ-અભાવ છે તે બધું ભગવાનથી ભિન્ન નથી; અને તેમ છતાં ભગવાન તો તેનાથી અલગ પણ છે જ.

ઇદં(મ્) ભાગવતં(ન્) નામ, યન્મે ભગવતોદિતમ્ .

સં(ઙ્)ગ્રહોડયં(વ્ઁ) વિભૂતીનાં(ન્), ત્વમેતદ્ વિપુલીકુરુ .. ૫૧..

ભગવાને મને જે ઉપદેશ કર્યો હતો તે જ આ 'ભાગવત' છે. આમાં ભગવાનની વિભૂતિઓનું સંક્ષિપ્ત વર્ણન છે. તમે તેનો વિસ્તાર કરો.

યથા હરૌ ભગવતિ, નૃણાં(મ્) ભક્તિર્ભવિષ્યતિ .

સર્વાત્મન્યખિલાધારે, ઇતિ સઙ્કલ્પ્ય વર્ણય .. ૫૨..

સર્વાત્મન્ + યખિલાધારે

કોઈપણ રીતે સૌના આશ્રય અને સર્વસ્વરૂપ ભગવાન શ્રીહરિમાં લોકોની પ્રેમ પૂર્ણ ભક્તિ થાય તેવો નિશ્ચય કરીને એનું વર્ણન કરો.

માયાં(વ્ઁ) વર્ણયતોડમુષ્ય, ઈશ્વરસ્યાનુમોદતઃ .

શૃણ્વતઃ(શ્) શ્રદ્ધયા નિત્યં(મ્), માયયાઽઽત્મા ન મુહ્યતિ .. ૫૩..

વર્ણયતોડ + મુષ્ય, ઈશ્વરસ્યા + નુમોદતઃ

જે મનુષ્ય ભગવાનની અચિંત્ય શક્તિ-માયા ના વર્ણનનું અથવા બીજાઓએ કરેલા વર્ણનનું અનુમોદન (સમર્થન) કરે છે અથવા શ્રદ્ધાપૂર્વક નિત્ય શ્રવણ કરે છે તેમનું ચિત્ત ક્યારેય માયાથી મોહિત થતું નથી.

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહં(મ્)સ્યાં(મ્)

સં(મ્)હિતાયાં(ન્) દ્વિતીયસ્કન્ધે બ્રહ્મનારદસં(વ્ઁ)વાદે સપ્તમોડધ્યાયઃ .. ૭..

ૐ પૂર્ણમદઃ(ફ્) પૂર્ણમિદં(મ્)પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે

પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે.

ૐ શાન્તિઃ(શ્)શાન્તિઃ(શ્)શાન્તિઃ ...